હવે અન્ય રંગમંચના ભાડાના દર પણ વધશે

# શહેરમાં ઝુંપડાના દબાણો હટાવાયા

**સે-૬માંથી ઝુંપડાઓના ૫૦ દબાણ દુર કરાયા : આજે સે-૮માં ઝુંબેશ હાથ ધરવામાં આવશે : સેક્ટરોમાંથી ઝુંપડા દુર કરવા અભિયાન પરંતુ ગણતરીના દિવસોમાં જ દબાણો યથાવત ગોઠવાઇ જતા નાગરિકોમાં રોષ**





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરના સેકટરોને દબાણમુકત કરવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. છેલ્લા ૧૫ દિવસથી સેકટરોમાંથી દબાણો દુર કરવા રોજબરોજ અભિયાન હાથ ધરવામાં આવે છે.આજે પણ સે-૬ માંથી તંત્ર દ્વારા ૫૦ જેટલા ઝુંપડાઓ દુર કરવામાં આવ્યા હતા.બુધવારે સે-૮માં ઝુંપડાઓ દુર કરવાની કામગીરી હાથ ધરાશે.

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે નગરને દબાણ તેમજ ગંદકી મુકત કરવાની પ્રબળ માંગ ઉઠવા પામી છે. નગરમાં વર્ષોજુની વણઉકેલી સમસ્યાઓ પણ વિશેષ છે. બીજીતરફ ઝુંપડાવાસીઓને માથે પાકી છત આપવા માટે સરકાર દ્વારા કોલવડા ગામની સીમમાં આવાસ યોજનાનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. ત્યારે સેકટરોમાં દિનપ્રતિદિન ઝુંપડાઓની સંખ્યા વધતી જાય છે. સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં પણ ઝુંપડાઓ અસ્તિત્વમાં આવ્યા છે.જેના પરિણામે રહેણાંક વિસ્તાર નજીક જ ગંદકી સહીતની સમસ્યાઓ ઉદભવી છે. ત્યારે તંત્ર દ્વારા સેકટરોમાંથી લારી ગલ્લા તેમજ ઝુંપડાઓના દબાણ દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. અગાઉ પણ સે-૨૦ અને સે-૩૦ તેમજ સે-૭ અને સે-૧ ઉમાંથી ઝુંપડાઓના દબાણો દુર કરવામાં આવ્યા હતા. આજે સેકટર-૬માં ઝુંપડા દુર કરવાનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેના અંતે સેકટરમાંથી ૫૦ જેટલા ઝુંપડાઓનુ દબાણ હટાવાયુ હતુ.

સે-૬ના સહિયર ગરબા મેદાનમાં તેમજ સે-૫ થી સે-૬માં પ્રવેશવાના માર્ગ પર ઝુંપડાના દબાણો દુર કરાયા હતા. આવતીકાલે એટલે બુધવારે સે-૮માંથી લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરવામાં આવશે. દબાણ હટાવ કામગીરી દરમિયાન પોલીસ બન્દોબસ્ત વચ્ચે કામગીરી કરવામાં આવી હતી.

# શહેરના ધાર્મિક દબાણો કાયદેસર કરવા કોંગીની માંગ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં આવેલા ધાર્મિક દબાણોને નિયમિત કરવાની માંગ સાથેનો પ્રસ્તાવ કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી સામાન્ય સભામાં લઈ આવવામાં આવશે.

કોંગીના કાઉન્સીલરો શ્રી પ્રવિણ પટેલ અને શ્રી હર્ષજીત પંડયાએ આ અંગેની દરખાસ્ત મનપા સત્તાવાળાઓ સમક્ષ રજુ કરી દીધી છે.

૨૦ નવેમ્બરના રોજ આ દરખાસ્ત રજુ કરાઈ હતી પરંતુ સમયના અભાવે તેના પર ચર્ચા છેલ્લી સામાન્ય સભામાં કરાઈ ન હોવાથી પુનઃ આ દરખાસ્ત રજુ કરવામાં આવી છે.

આ દરખાસ્તમાં કાઉન્સીલરોએ જણાવ્યું છે કે ગાંધીનગર મહાનગરપાલિકા મહા વિસ્તારના દરેક સેકટરો તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલા ધાર્મિક આસ્થાના કેન્દ્રો જે આસ્થા કેન્દ્રો સરકારી જગ્યામાં હોય પણ તે કાયદેસર ન હોઈ તો તેને કાયદેસર કરવા તેમજ આસ્થા કેન્દ્રો જે બનેલા છે તે પ્રજાના નાણાથી લોક ભાગીદારીથી બનેલ છે. જેમાં ગાંધીનગરના નગરજનોનું આસ્થાનું કેન્દ્ર છે ત્યાં ધાર્મિક, સાંસ્કૃતિક, ચેરીટી પ્રવૃત્તિ થતી હોય છે જેનો લાભ નગરજનો લેતા હોય છે.

# ઈમ્પેકટ ફી ની અમલવારી માટે કોંગ્રેસે દરખાસ્ત રજુ કરી તંત્રની નિષ્ફળતા છતી કરી

**તંત્ર પાસે ચોક્કસ વિગતો માંગતા પ્રવિણ પટેલ**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઈમ્પેકટ ફીનો અમલ તાત્કાલિક કરવામાં આવે તેમજ રહેણાંકમાંથી વાણિજય હેતુફેરની કામગીરી પણ તાકીદે કરવામાં આવે તેવી દરખાસ્ત કોંગીના કાઉન્સીલર શ્રી પ્રવિણ પટેલ અને શ્રી અશ્વિન વ્યાસે કમિશનરને આપી છે.

આગામી ૧લી જાન્યુઆરીના રોજ મળનારી મનપાની સામાન્ય

● અનુસંધાન પાન-૭ પર



**માલ્ટા ગાંધીનગરમાં** - મહારાષ્ટ્રના નાગપુરમાં લોકપ્રિય ફળ માલ્ટા આજકાલ ગાંધીનગરમાં પુષ્કળ પ્રમાણમાં દેખાય છે... મોસંબીના વિકલ્પે ઉછેરાતું માલ્ટા વીટામીન-સી અને પ્રોટીનથી ભરપૂર છે... શહેરીજનો આજકાલ જીજ્ઞાસાપૂર્વક માલ્ટાની ખરીદી ભરપૂર કરે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# હવે અન્ય રંગમંચના ભાડાના દર પણ વધશે

**સેક્ટર-૨૦, ૨૨, ૨૮, ૨૯ અને ૩૦ રંગમંચનું ભાડુ પાંચ હજાર કરવાની દરખાસ્ત**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હવે સે-૨૦, ૨૨, ૨૮, ૨૯ અને ૩૦ના રંગમંચના ભાડાના દરમાં પણ વધારો કરવાની વિચારણા હાથ ધરાઈ છે તેમજ સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ જે રજીસ્ટર્ડ થયેલી હોય તેમને રાહત આપવા માટે પણ વિચારણા હાથ ધરાઈ છે.

આગામી ૩૧મી ડિસેમ્બરના રોજ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની રાકેશ પટેલના અધ્યક્ષસ્થાને મળનારી બેઠકમાં આ અંગે આખરી નિર્ણય લેવામાં આવશે.

મળતી વિગતો મુજબ મનપાને કુલ છ રંગમંચો સરકાર તરફથી નિભાવ, મરામત અને જાળવણી માટે ફાળવવામાં આવ્યા છે. જે પૈકી સે-૧૬ના રંગમંચના દર અગાઉ રૂ. ૧૦ હજાર નિયત કરવામાં આવેલ હતા.

આ બાબતે રજીસ્ટર્ડ થયેલ સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓએ રાહત આપવાની કરેલી માંગણીને પગલે તંત્રએ તે અંગેની વિચારણા હાથ ધરી છે. જો કે રાહત કેટલી આપવી તે અંગેનો નિર્ણય સ્થાયી સમિતિ જ કરશે તેમ પણ મનપાના સૂત્રોએ જણાવ્યું છે.

બીજી તરફ મનપાએ સે-૨૦, ૨૨, ૨૮, ૨૯ અને ૩૦ના રંગમંચના ભાડા વધારીને રૂ. પાંચ હજાર કરવાની દરખાસ્ત પણ સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ મુકવામાં આવનાર છે. સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ આ રંગમંચો મેળવવાની અરજીના ફોર્મ, રીઝર્વેશન ફી તેમજ વહીવટી ચાર્જની રકમમાં પણ વધારો કરવાની દરખાસ્ત રજુ કરાઈ હોવાનું જાણવા મળેલ છે.


## દુઃખદ અવસાન



મારા પૂજ્ય પિતાશ્રી **પિયુષભાઈ વિમળભાઈ ઝવેરી**નું તા. ૨૮/૧૨/૨૦૧૫ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેઓના **આત્મશ્રેયાર્થે પંચકલ્યાણક પૂજા તા. ૩૧/૧૨/૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧** રાખેલ છે.

**સ્થળ : શ્રી જૈન વીશા ઓશવાળ કલબ પટાંગણ, શ્રેયસ ટેકરા, આંબાવાડી, અમદાવાદ-૧૫**

**સમય : સવારે ૯ થી ૧૧**

**મલયકુમાર વિ. ઝવેરી** — **જ્વાલેશ પી. ઝવેરી**
**દિવ્યાબેન મલયકુમાર ઝવેરી** — **પારૂલબેન જ્વાલેશ ઝવેરી**
**ફાલ્ગુન મલયકુમાર ઝવેરી** — **ધ્વનિલ જ્વાલેશ ઝવેરી**
**હર્ષીલ જ્વાલેશ ઝવેરી**

**ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી પરિવાર**

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી **ગં.સ્વ. જશોદાબા ભારતસિંહ અટોદરીઆ**નું તા. ૨૭/૧૨/૨૦૧૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૩૧/૧૨/૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૦૧૪/૨, સેક્ટર-૪/એ, ગાંધીનગર
મો. : ૯૪૨૭૬ ૦૮૯૧૫, ૯૪૨૬૩ ૫૬૭૮૪

લિ.

**મનવરસિંહ ભારતસિંહ અટોદરીઆ**
(પૂર્વ આચાર્યશ્રી, કે. કે. પટેલ વિદ્યાલય, કોલવડા)
**મોતીસિંહ ભારતસિંહ અટોદરીઆ**
(પૂર્વ ડાયરેક્ટર ઓફ ફિઝીકલ એજ્યુકેશન સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર)


## આજે વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૧ની પરિક્ષાનુ જાહેર થશે

ગાંધીનગર તા ૨૯

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓકટોબર ૨૦૧૫માં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ ની પરિક્ષાનુ આજે બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરાશે.બપોરે ૧૨ વાગ્યા બાદ બોર્ડની વેબસાઈટ પર પરિણામ જાહેર થશે. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત ઓકટોબર મહીનામાં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહની સમેસ્ટર પરિક્ષાનુ તબક્કાવાર પરિણામ જાહેર કરવામાં આવી રહયુ છે.ગત અઠવાડીમાં સેમેસ્ટર ત્રણનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ જયારે તા ૩૦ ડીસેમ્બરના રોજ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧નુ પરિણામ જાહેર થશે.શિક્ષણ બોર્ડના પરિક્ષા સચિવે આ અંગે જણાંવ્યા મુજબ તા ૩૦ ડીસેમ્બરના રોજ બપોરે ૧૨ વાગ્યા બાદ પરિણામ જોહેર થશે. જયારે માર્કશીટ મોકલવાની તારીખ બોર્ડ દ્વારા હવે પછી જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદજિત ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓએ સેમેસ્ટર ૧ ની પરિક્ષા આપી હતી.



**ઘોડેસવારી** - ભારતીય સંસ્કૃતિમાં ઘોડેસવારી શિક્ષણનો એક ભાગ ગણાતી હતી... આશ્રમ પરંપરાથી ઘોડેસવારીનો મહિમા હંમેશા વર્ણવાયો છે... સનદી અધિકારીની તાલીમમાં પણ ઘોડેસવારીને મહત્વ અપાય છે... ત્યારે આજકાલ શહેરની સોસાયટીઓમાં અને સેક્ટરોમાં રોજીરોટી માટે ઘોડેસવારીનું એક નવું ક્ષેત્ર વિકસી રહ્યું છે... બાળકોને ઘોડા પર એકાદ આટો મરાવીને વળતર મેળવતા અશ્વપાલકો સ્વરોજગારીનું નવું ક્ષેત્ર વિકસાવી રહ્યા છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજનાને ગળે ટૂંપો દેવાનું કામ મનપા કરે છે : બિહોલા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજનાનું ગળું ટૂંપવાનું કાર્ય મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યાનો આક્ષેપ આજે મનપા વિપક્ષના નેતાશ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ કર્યો છે.

શ્રી બિહોલાએ જણાવ્યું છે કે વિસ્તાર વિકાસના કામો પક્ષીય ધોરણે જ મંજૂરી આપવામાં આવી રહી છે અને નગરજનોની પરેશાનીમાં વધારો કેવી રીતે થાય તેવો મંત્ર જ વર્તમાન

**૨૦ ટકા લોકફાળો ભરનારી સોસાયટીઓમાં પેવર બ્લોકનું ૫૦ ટકા કામ પણ કરાયું નથી**

સત્તાધીશો જપી રહ્યા છે.

ગુજરાતના વિકાસની વાતો કરતી ગુજરાત સરકારે જ ગાંધીનગર મહાનગરપાલિકાની ખાસ કરીને જનભાગીદારીથી કોમન ચોક કે સોસાયટીઓમાં નખાતા પેવરબ્લોક

● અનુસંધાન પાન-૭ પર

# આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલરની નવી સીરીઝ માટે ૨ જાન્યુઆરીએ પસંદગીના નંબરોની હરાજી

**જી જે ૧૮ સી.એમ.ની સીરીઝ તેમજ સી એલ અને બી.ઇ.ની સીરીઝમાં બાકી રહેતા ૭૦ જેટલા નંબરોની પણ હરાજી કરાશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલરની નવી સિરિઝ જી જે ૧૮ સી એમ માટે પસંદગીના નંબરો મેળવવા માટે આગામી તા ૨ જાન્યુઆરીના રોજ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. આ તબકકે અગાઉ જી જે ૧૮ સી ટી ની સીરીઝમાં બાકી રહેતા ૭૦ જેટલા નંબરોની પણ ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરીમાં હરાજી કરવામાં આવશે.

આર ટી ઓ કચેરી દ્વારા નવી સીરીઝના નંબરોની હરાજી માટે નવી પધ્ધતિ અપનાવામાં આવી છે. જેમાં ગોલ્ડન તેમજ સિલ્વર સીરીઝમાં નંબરોની હરાજી કરવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગત

● અનુસંધાન પાન-૭ પર

## પિયુષ ઝવેરીનું દુઃખદ અવસાન

અમદાવાદ શહેરના જૈન અગ્રણી અને જૈન વિશા ઓશવાલ કલબના અગ્રણી સ્થાપક ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી પરિવારના પૌત્ર પિયુષકુમારનું ગઈકાલે દુઃખદ અવસાન થયું છે. સ્વ. પિયુષભાઈ ઝવેરી સામાજિક-ધાર્મિક ક્ષેત્રે સેવારત હતા. તેઓ રાજય નિકાસ નિગમના પૂર્વ ચેરમેન તેમજ ગાંધીનગરના જૈન અગ્રણી મલયકુમાર ઝવેરીના મોટાભાઈ થાય. સ્વ. પિયુષભાઈ તેમની પાછળ એક દીકરો અને બે પૌત્રોને વિલાપ કરતા મુકી ગયા છે. સ્વ.ની પ્રાર્થના સભા ગુરુવારે સવારે ૯ થી ૧૨ જૈન વિશા ઓશવાલ કલબ આંબાવાડી ખાતે રાખેલ છે.


## શ્રદ્ધાંજલી



હે પ્રભું તારા ખજાનામાં કયાં ખોટ
પડી કે સૃષ્ટિના તારા મનુષ્યરૂપે
જીવિત દિપક સ્વરૂપ જીવમાંથી
અમારો લાડકવાયો એક દિપક
બુઝાયો. અમારી દીકરી **પ્રેમિલાબેન,**
ભાણો **ધવલ,** ભાણી **સપના,** માતૃશ્રી **શંકાબા**
તેમજ તેમનો અને અમારો પરિવાર તેમની
યાદમાં ચોધાર આસુંએ રડી રહયો છે.
નાનીસી જીંદગી હતી પણ મોટી માયા લગાડી ગયા છો.
સ્મરણો રહેશે સદા ભીના ભીના પ્રસંગો રહેશે,
હવે સુના-સુના... પ્રભુ તેમની આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના.....

**સ્વ. રણજીતસિંહ ધુળસિંહ બારૈયા**
**(ડિરેક્ટર નાગરિક બેંક, સલાલ)**
સ્વર્ગવાસ : તા. ૨૪/૧૨/૨૦૧૫, ગુરૂવાર

લિ.

**કચરસિંહ ઉદેસિંહ બારૈયા**
પૂર્વ પ્રમુખ, પ્રાંતિજ - તલોદ તાલુકા ક્ષત્રિય સમાજ
**મંગુબેન કચરસિંહ બારૈયા**

**મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા** — ધારાસભ્યશ્રી, પ્રાંતિજ/ તલોદ
શોભાનાબેન મહેન્દ્રસિંહ બારૈયા — ઉપ. શિક્ષક, બાલીસણા પ્રા. શાળા
કિશન આર. બારૈયા
બિજલ આર. બારૈયા
મંથન એમ. બારૈયા
**રમણસિંહ કચરસિંહ બારૈયા** — એડવોકેટ
તારાબેન રમણસિંહ બારૈયા — પૂર્વ સરપંચ ફતેપુર ગ્રામ પંચાયત

પિયર પક્ષનું બેસણું
તા. ૩૧/૧૨/૨૦૧૫ને ગુરૂવાર સવારે ૧૧ થી ૨ કલાક
મુ.પો. ફતેપુર, તા. પ્રાંતિજ - ધારાસભ્યશ્રીના નિવાસસ્થાને

**ટચુકડી જાહેર ખબર**
**માત્ર રવિવારે**
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com